જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૩/૨૦૨૦  શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૫૧૬/૨૦૨૦**

## “SHE TEAM” ની કામગીરીની વિગત

*રિવર ફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશન* ની she ટીમ દ્વારા ઇન્દિરા બ્રિજ ની મુલાકાત કરી અને ત્યાં હાજર રહેલ મહિલાઓ ને ૧૦૦,૧૮૧,૧૦૯૧ નંબર ની માહિતી આપી

.







<table>
<tr><td>આનંદનગર પોલીસ સ્ટેશન ની she ટીમ દ્વારા સફલ પરીવેશ અને સ્મિતા એપાર્ટમેન્ટ ખાતે સીનીયર સીટીઝન ની મુલાકાત લીધી હતી.</td><td></td></tr>
<tr><td></td><td></td></tr>
</table>

# પાસા અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન

## મોબાઇલ સ્નેચીંગ તથા વાહન ચોરીના ગુનાઓ કરતા આરોપીને પાસા હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરતી દાણીલીમડા પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અ.વાદ શહેર તથા સંયુકત પો. કમિશ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમિશ્રી ઝોન-૬ સાહેબ તથા ઇ.મ.પો.કમિશ્રી. "કે" ડિવિજન સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ સિનિયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી. વી.આર.વસાવા સાહેબ દાણીલીમડા પોલીસ સ્ટેશન નાઓએ દાણીલીમડા પોલીસ વિસ્તારમાંથી તથા નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઇલ સ્નેચીંગ તથા વાહન ચોરી કરવાની અસામાજીક પ્રવૃત્તિ કરનાર ઇસમ રાશીદ સ/ઓ રફીકભાઇ શફીભાઇ શેખ ઉવ.૨૦ રહે- શાહનગર વાઘરીવાસ જીતુભગત કંમ્પાઉન્ડની પાછળ શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેર વિરુધ્ધ (૧) નારોલ પો.સ્ટે ફ.ગુરનં- ૩૦૦/૧૮ ઇપીકો કલમ-૩૫૬(એ),૧૧૪ મુજબ તથા (૨) દાણીલીમડાપો.સ્ટે એ.પાર્ટ ગુરનં-૧૧૧૯૧૦૧૨૨૦૦૧૧/૨૦ ઇપીકો કલમ-૩૭૯,૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ જે ગુનાઓમાં પકડાયેલ આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના પાસા હુકમ નંબર પીસીબી/ડીટીએન/પાસા/૨૬૪/૨૦૨૦ તા.૧૨/૦૩/૨૦૨૦ થી પાસા અટકાયતમા લેવાનો હુકમ કરેલ જે પાસા અટકાયતીને **અત્રેના હે.કો જગદીશકુમારજગદીશકુમાર ગણેશભાઇ તથા લોકરક્ષક ગોપાલભાઇ દેવાભાઇ**નાઓએ ખાનગી બાતમી હકીકત આધારે પકડી લાવી રજુ કરતા સદરી આરોપીને ઉપરોકત પાસા હુકમની તા.૧૨/૦૩/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગ્યે બજવણી સર્વેલન્સ પો.સ.ઇ આર.એસ.ગોહીલ નાઓએ કરી જરુરી જાપ્તાના માણસો સાથે સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

## દાણીલીમડા પોલીસ સ્ટેશન

# મારામારી તથા મોબાઇલ ચોરીના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરતી દાણીલીમડા પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અ.વાદ શહેર તથા સંયુકત પો. કમિશ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમિશ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમિશ્રી. “કે” ડિવિજન સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ સેકન્ડ પોલીસ ઇન્સ્પેકટર એચ.એસ.ચાવડા સાહેબ દાણીલીમડા પોલીસ સ્ટેશન નાઓએ ગા.હવેલી પો.સ્ટે વિસ્તારમાં મારામારી તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી કરવાની પ્રવૃત્તિ કરનાર નાઓ વિરુધ્ધ (૧) ગા. હવેલી પો.સ્ટે ફ.ગુરનં-૧૩૫/૧૯ ઇપીકો કલમ-૩૩૨,૩૨૪,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબ તથા (૨) દાણીલીમડા પો.સ્ટે એ પાર્ટ ગુરનં-૧૧૧૯૧૦૧૨૨૦૦૦૫૪/૨૦ ઇપીકોકલમ-૩૮૦,૪૧૧ મુજબના ગુનાઓ નોંધાયેલ જે ગુનાઓમાં પકડાયેલ ઉપરોક્ત આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓએ પાસા હુકમ નંબર પીસીબી/ડીટીએન/પાસા/૨૬૯/૨૦૨૦ થી પાસા અટકાયતમા લેવાનો હુકમ કરેલ જે પાસા અટકાયતીને અત્રેના હે.કો મોસીન યાસીનભાઇ તથા પો.કો ઉપેન્દ્રસિંહ દશરથસિહ તથા લો.ર. વિશ્વરાજસિંહ રાજેન્દ્રસિંહ નાઓએ ખાનગી બાતમી હકીકત આધારે પકડી લાવી રજુ કરતા સદરી આરોપીને ઉપરોકત પાસા હુકમની તા.૧૩/૦૩/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગ્યે સર્વેલન્સ પો.સ.ઇ આર.એસ.ગોહીલ નાઓએ બજવણી કરી જરુરી જાપ્તાના માણસો સાથે ભુજ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

<u>**સાબરમતી પોલીસ સ્ટેશન**</u>

## <u>શરીર સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ</u>

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા શરીર સબંધી ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓની સુચના આધારે સાબરમતી પો.સ્ટે વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે આ પ્રકારનો ગુનો આચરનાર નામે <u>રુદ્રરાજસિંહ ઉર્ફે કાર્તીક ઉર્ફે ગોપી જયંતીભાઈ રામસિંહ દરબાર</u> <u>ઉ.વ.૨૧ રહે.મ.નં.33 વિશ્વાસ ટેનામેન્ટ, જી.એસ.ટી. રેલ્વે ફાટક પાસે સાબરમતી અમદાવાદ શહેર</u> નાઓની વિરુદ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૭૬/૨૦૧૯ ઇ.પી.કો. ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ તથા સાબરમતી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૬૯/૧૯ સાબરમતી પો.સ્ટે. પાર્ટ A-૦૧૧૯/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૩૯૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૭૨/૨૦૨૦ તા.૧૩/03/૨૦૨૦ ના આધારે સદરી આરોપીઓને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેઇન કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૧૩-03-૨૦૨૦

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:</u>

(૧) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭ (૨) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬
(3) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧ (૪) PC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯

<u>આરોપી:</u>



## સરખેજ પોલીસ સ્ટેશન

# પ્રોહીબીશનનાં ગુન્હાનાં  આરોપીની “પાસા” અટકાયત હેઠળ ધરપકડ કરતી સરખેજ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,”એમ” ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનનાં ગુન્હામાં પકડાયેલ નીચે જણાવેલ ઇસમ વિરુધ્ધમાં ગુન્હાઓ એકત્ર કરી કરાવી અત્રેથી મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓને દરખાસ્ત પાઠવી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની કચેરીના ક્રમાંક પીસીબી/ડીટેઇન/પાસા/૨૭૫/૨૦૨૦ તા.૧૩/03/૨૦૨૦ થી સદર ઇસમને “લાજપોર જેલ સુરત” “પાસા”અટકાયતમાં રાખવાનો હુકમ કરેલ હોય જેથી સદર ઇસમને આજરોજ તા-૧૩/03/૨૦૨૦ ના કલાક ૨૧/00 વાગે ઉપરોક્ત “પાસા” હુકમની બજવણી કરી “પાસા” અટકાયતમાં કેદ રહેવા સારુ યોગ્ય જાપ્તા સાથે “લાજપોર જેલ સુરત” મોકલી આપવામાં આવેલ છે

આરોપી-

રવી સન/ઓફ હાકમભાઇ ફોઝાભાઇ છારા(રાઠોડ) ઉ.વ.૩૦ રહે,શંકરપુરા કૈલાશ તળાવની બાજુમા, સન્યાસ આશ્રમ પાસે, એસ જી હાઇવે સરખેજ અમદાવાદ શહેર



## ગુના નિવારણ શાખાઃ

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૧૩.૦૩.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરના ગા.હવેલી તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી આદુની બોરીના પૈસા બાબતે એપીએમસી માર્કેટના ઈન્સ્પેકટર સાથે બોલાચાલી ઝઘડો કરી બિભત્સ ગાળો બોલી છરી વડે ફરીયાદીને ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીની કાયદેસરની ફરજમા રુકાવટ કરનાર તથા અન્ય કિસ્સામા લોકોની નજર ચુકવી મો.ફોન ની ચોરી કરનાર માથાભારે અને ઝનુની સ્વભાવના ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે મુજ્જફરખાન મુસાખાન અબ્દુલખાન પઠાણ રહેવાસી- મ.ન.૪૭/૧૪૭૮ વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળીયા વટવા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મુજ્જફરખાન મુસાખાન અબ્દુલખાન પઠાણ રહેવાસી- મ.ન.૪૭/૧૪૭૮ વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળીયા વટવા અમદાવાદ |

અમદાવાદ શહેરના ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોએ જાહેરમા પાર્કીગમા પાર્ક કરેલ એકટીવાની ચોરી કરી લઈ જનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે જયેશભાઈ ઉર્ફે જય અશોક્ભાઈ શ્રીમાળી રહેવાસી- મ.ન.૧૧/૩૩૯ ઔડાના મકાન સ્વસ્તીક બંગ્લોઝની પાસે ગોમતીપુર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | જયેશભાઈ ઉર્ફે જય અશોક્ભાઈ શ્રીમાળી રહેવાસી- મ.ન.૧૧/૩૩૯ ઔડાના મકાન સ્વસ્તીક બંગ્લોઝની પાસે ગોમતીપુર અમદાવાદ શહેર |

- આ ઉપરાંત મિલક્ત સબંધી તથા પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૭ ઇસમો મળી **<u>કુલ્લે ૧૦ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને સુરત, ભુજ, રાજકોટ, વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.